

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

# આચારસંહીતાના લીધે ૧૪ માં નાણાંપંચની અડધોઅડધ ગ્રાન્ટ હજુ વપરાઈ નથી

૧૪ માં નાણાંપંચ અન્વયે ભારત સરકારે પાસેથી મળેલી ગ્રાન્ટમાંથી ગાંધીનગર જિલ્લાને કેટલી ફાળવવામાં આવી ? માણસાના ધારાસભ્ય સુરેશ પટેલના આ પ્રશ્નના જવાબ સંદર્ભે નાણાંમંત્રીએ આપેલા જવાબમાં જણાંવાયા મુજબ ૧૪ નાણાંપંચમાં ગાંધીનગર જિલ્લાને વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ ૫૮.૬૦૮૯ કરોડ અને વર્ષ ૨૦૧૭-૧૮ માં રૂ ૨૪.૮૬૬૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. બે વર્ષમાં ૮૩.૪૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જયારે આ પૈકી વર્ષ ૨૦૧૬-૧૭ માં રૂ ૨૨.૬૦ કરોડની રકમ પડતર છે. જયારે વર્ષ ૨૦૧૭-૧૮ માં રૂ ૧૬.૬૪ કરોડ પડતર રકમ છે. ગ્રાન્ટમાં ખર્ચ ન થઈ હોય તેના કારણો શુ તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યા મુજબ ૧૪ માં નાણાંપંચની ગ્રાન્ટની મુદત વર્ષ ૨૦૨૦ સુધીની હોય છે. જયારે વર્ષ દરમિયાન મળેલી ગ્રાન્ટ આ સમયગાળામાં વાપરવાની હોય છે. જેથી ગ્રાન્ટ પડતર રહેવાનો પ્રશ્ન નથી વિધાનસભા અને ગ્રામપંચાયતોની ચુંટણી આચારસંહીતાના કારણે કોમોમાં ખર્ચ થઈ શકયો નથી જયારે મોટાભાગના કામો પ્રગતિ હેઠળ છે.

- **શહેરમાં પાણી પુરવઠાના સપ્લાય પાછળ પ્રતિ૧હજાર લીટર રૂ ૮.૪૫ નો ખર્ચ**

ગાંધીનગર શહેરને પાણી પુરવઠો સપ્લાય કરવા માટે કઈ એજન્સી દ્વારા કામગીરી કરવામાં આવે છે જોમા પાછળ પ્રતિકીલોલીટર કેટલો ખર્ચ થાય છે ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના આ પ્રશ્નના ઉત્તરમાં પાટનગર યોજના ભવનના મંત્રીએ જણાંવ્યા મુજબ આ કામગીરી પાટનગર યોજના વિભાગના નં-૩ દ્વારા હાથ ધરવામાં આવે છે. જયારે પાણી પુરવઠા પાછળ પ્રતિકીલોલીટર રૂ ૮.૪૫ નો ખર્ચ થાય છે. જયારે આ કામગીરીને કરકસરયુક્ત રાખવા માટે ઉપલબ્ધ સ્ત્રોતો પૈકી નર્મદા સંત સરોવર થકી રેડીયલ વેલમાં ઉપલબ્ધ જથ્થા તેમજ બોર વેલના પાણીના જથ્થાનો ઉપયોગ કરવામાં આવે છે.

- **શિહોલી મોટી મહુન્દ્રા માર્ગના વાઇડનીંગ પાછળ ૯૦ લાખ ખર્ચાશે**

ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી અને મહુન્દ્રા માર્ગને પહોળો કરવા માટે સરકારે મંજુરી આપી છે કે કેમ ? ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ આ માર્ગના વાઈડનીંગ માટે મંજુરી આપવામાં આવી છે. જેની પાછળ રૂ ૯૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેનુ ડી ટી પી પણ મંજુરી હેઠળ છે.

- **જિલ્લામાં સઘર્ન ડ્રેઇનને અનુલક્ષી નાનો ડેમ બાંધવાનુ આયોજન નથી**

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સઘર્ન ડ્રેઈન કાંસ કે જયાં સાબરમત્તી નદી મળે છે ત્યાં નાનો બંધ બાંધવાનુ સરકારનુ આયોજન છે કે કેમ ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં જળસંપત્તિ મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાવાયા મુજબ આ

● અનુસંધાન પાન-૫ પર

# ગાંધીનગર જીલ્લો આરોગ્ય સેવાના રેન્કીંગમાં રાજયમાં ત્રીજા સ્થાને

ગાંધીનગર, તા. ૨૨

ભારત સરકારના નીતિ આયોગે આરોગ્ય વિષયક સેવાઓ અંગે નિયત કરેલા માપદંડોના માર્કિંગમાં ગાંધીનગર જિલ્લો રાજયમાં ત્રીજા ક્રમે આવ્યો છે. દ્વારા જિલ્લાઓના આ માર્કિંગ્સ અંગેની જાણ કરવામાં આવતાં જિલ્લા આરોગ્ય તંત્રમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

નીતિ આયોગે જે માપદંડ આરોગ્ય સેવાઓને લઈ નિયત

## નીતિ આયોગ દ્વારા આરોગ્ય સેવાઓના રેન્કીંગમાં ગાંધીનગર મનપા રાજ્યમાં છેલ્લેથી બીજા ક્રમે

૨૭૦ ગુણાંકમાંથી ૨૧૮ ગુણાંક ગાંધીનગર જિલ્લાને મળ્યા છે. પ્રથમ ક્રમે અમદાવાદ જિલ્લો ૨૩૯ ગુણાંક સાથે પ્રથમ સ્થાને છે જયારે ખેડા જિલ્લો ૨૨૮ ગુણાંક સાથે દ્વિતીય ક્રમે અને તૃતિય સ્થાને પંચમહાલ અને ગાંધીનગરને સરખા ગુણ મળ્યા છે બન્ને જિલ્લાને ૨૧૮-૨૧૮ ગુણાંક મળ્યા છે.

રાજયના આરોગ્ય વિભાગ કર્યા હતા તેમાં વહેલી સગર્ભા નોંધણી, સગર્ભાઓમાં એનિમિયાનું પ્રમાણ, સંસ્થાકીય પ્રસુતિ, જન્મ સમયે ઓછુ વજન ધરાવતા બાળકો તેમજ રસીકરણના કાર્યક્રમનું અમલીકરણ જેવા માપદંડ હતા.

નીતિ આયોગ દ્વારા આ રેન્કીંગ કરવામાં આવ્યુ હોવાથી જિલ્લાની આરોગ્ય સેવાઓનું સઘનીકરણ કરવામાં સૌ સફળ રહ્યાની લાગણી વ્યક્ત કરવામાં આવી રહી છે.

સરકાર સંચાલિત વિવિધ સેક્ટરોના દવાખાના તેમજ કોર્પોરેશન

### શહેરમાં ૩૨ ટકા બાળકો ઓછા વજન સાથે જન્મ ધારણ કરે છે


**જિલ્લામાં ૮ ટકા બાળકો જન્મ સમયે ઓછુ વજન ધરાવે છે**

ગાંધીનગર શહેરમાં ૩૨ ટકા બાળકો જન્મ સમયે જ ઓછુ વજન ધરાવતા હોય છે જ્યારે ગાંધીનગર જિલ્લામાં ૮ ટકા બાળકો ઓછા વજન સાથે જન્મતા હોય છે. નીતિ આયોગ દ્વારા આરોગ્ય સેવાઓના માપદંડો નિયત કરી કરાયેલા મૂલ્યાંકનમાં આ ચોંકાવનારી વિગતો બહાર આવવા પામી છે. મળતી વિગતો પ્રમાણે સગર્ભા માતાઓની નોંધણીમાં ગાંધીનગર જિલ્લાએ ૯૨ ટકા સિદ્ધિ મેળવી છે. જ્યારે સગર્ભા માતાઓમાં એનિમિયાનું પ્રમાણ ૪૦ ટકા જણાયુ છે. ગાંધીનગર મહાનગરમાં ઓછા વજન સાથે જન્મતા બાળકોનું પ્રમાણ ચિંતાજનક હોવાનું આ મૂલ્યાંકનમાં સ્પષ્ટ થયું છે.

ગાંધીનગર મહાનગર પાલિકાનો નંબર આ બધા ઈન્ડિકેટરોને ધ્યાને લેતાં રાજ્યમાં છેલ્લેથી બીજા ક્રમે આવે છે જે ખુબજ ચિંતાજનક છે.

ગાંધીનગર શહેરમાં મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલ, રાજ્ય સંચાલિત ચાર આરોગ્ય કેન્દ્રો હોવા છતાં ગાંધીનગર શહેરની આરોગ્ય સેવાઓ કેટલી કથળેલી છે તે આ રેન્કીંગ પરથી ખ્યાલ આવે છે.

ગાંધીનગર કોર્પોરેશનને ૨૭૦ ગુણાંકમાંથી માત્ર ને માત્ર ૯૫ ગુણાંક પ્રાપ્ત થયા છે.



જળ એ જ જીવન - વિશ્વ જળ દિને જળનું મહિમા ગાન થયું... સંવાદો - પરિસંવાદો, સરઘસો અને રેલીઓ યોજાઈ... પણ પાણી બચાવવા સચોટ ઉપાય નહિ થાય તો પાણી આપણને નહિ બચાવી શકે... નાનકડા કુંડમાં નાનકડા ભાગમાં ભરાયેલું પાણી અબોલ પશુ માટે જીવન બની જાય છે... તેની બોલતી તસવીર ઘણો મોટો સંદેશ આપે છે... ગાંધીનગર શહેરમાં પાણીનો જેટલો વેડફાટ થાય છે એટલા પાણીમાંથી સમગ્ર જીલ્લાના અબોલ પશુ-પક્ષીઓને જીવન આપી શકાય એમ છે... તસવીરના માધ્યમથી શહેરીજનોને અપીલ છે કે, પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરી વેડફાટ અટકાવીએ...

# મોટી પાવઠીના ૭૦ ટકા બાળકોએ ગાંધીનગર ક્યાં છે તે જોયુ જ નહોતુ

**તંત્રના અધિકારીઓએ શૈક્ષણિક પ્રવાસનો ખર્ચ ઉઠાવી બાળકોને 'ગાંધીનગર દર્શન' કરાવ્યુ**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના એક છેવાડાના ગામના ૭૦ ટકા બાળકોએ ગાંધીનગર વિશે સાંભળ્યુ હતુ પણ ગાંધીનગર ક્યાં આવેલુ છે અને તે કેવુ છે તેનાથી અજાણ હતા એટલુ જ નહિ ગાંધીનગર જોયુ પણ નહોતુ. આ વાત આ જિલ્લાના છેવાડા ગામ મોટી પાવઠીની છે. દહેગામ તાલુકાનું આ છેલ્લુ ગામ છે. આ ગામમાં યોજાયેલી ગ્રામસભામાં આ હકીકત બહાર આવી હતી જેમાં કલેક્ટર, ડીડીઓ સહિતના અધિકારીઓ હાજર હતા.

ગ્રામસભા પૂર્ણ થયા બાદ જિલ્લા કલેક્ટર સતીષ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ પ્રા. શિક્ષણાધિકારીની મળેલી સંયુક્ત બેઠકમાં આ ગામના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ ગાંધીનગરનો રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગામ આર્થિક રીતે સમૃદ્ધ ન હોવાથી અધિકારીઓએ પ્રવાસ ખર્ચ શેર કર્યો અને બાળકોને ગત સપ્તાહે ગાંધીનગરનો શૈક્ષણિક પ્રવાસ કરાવવામાં આવ્યો હતો. જેમાં તેમને અક્ષરધામ, સે. ૨૮નો ગાર્ડન, વિધાનસભા સંકુલ, સચિવાલય સંકુલ તેમજ મહાત્મા મંદિર સહિતના સ્થાનો બતાવી અને તેની વિગતો તેમને આપવામાં આવી હતી. આ શૈક્ષણિક પ્રવાસથી બાળકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. પ્રવાસના આયોજકોને પણ આનાથી વધુ ખુશી થઈ હતી. જિલ્લાના વિવિધ ગ્રામ વિસ્તારોમાં આવી રાત્રિ સભાઓનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે. આવા અને અન્ય મહત્વના ગ્રામીણ પ્રશ્નોના ઉકેલ માટે તંત્રએ અલાયદો સેલ ઉભુ કરવાની પણ વિચારણા હાથ ધરી છે. જેથી લોકોના પ્રશ્નોના નિરાકરણની સાથે ગ્રામીણ વિસ્તારની પ્રગતિનું પણ મોનીટરીંગ થઈ શકે.

# ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જીવવિજ્ઞાનનું પેપર સરળ

**વિદ્યાર્થીઓ હવે નીટની તૈયારીમાં વ્યસ્ત**

ગાંધીનગર તા ૨૨

ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ આજે જીવવિજ્ઞાન વિષયની કસોટી વિદ્યાર્થીઓ માટે આસાન પુરવાર થઈ હતી. એમ સી ક્યુ માં ચાર આકૃતિવાળા પ્રશ્નો પુછાયા હતા.જયારે નીટની તૈયારીના લીધે પણ વિદ્યાર્થીઓ માટે પેપર વધુ સરળ રહયુ હતુ સમય મર્યાદામાં પેપર પુર્ણ થઈ જાય તેમ હોવાથી વિદ્યાર્થીઓમાં રાહત થઈ હતી.

ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૩૩૧૩ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. જયારે ૧૪ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. આ અંગે કિશોર કલાસીસના વિષય નિષ્ણાંત અજયસિંહ રાજપુતે આ અંગે જણાંવ્યુ હતુ કે વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના અંતમાં આજે જીવવિજ્ઞાન વિષયની કસોટી વિદ્યાર્થીઓ માટે સરળ રહી હતી. બી ગૃપના વિદ્યાર્થીઓને પાર્ટ એ માં ૫૦ એમ સી ક્યુ માંથી ચાર આકૃતિવાળા હોવા છતા કોઈ તકલીફ પડી ન હતી. જયારે પાર્ટ બી માં આકૃતિ આધારિત પ્રશ્નો ખુબ જ ઓછા હોવાથી વિદ્યાર્થીઓ સમયમર્યાદામાં પેપર પુર્ણ કરી શકયા હતા. પાર્ટ બી માં થિયરીના પ્રશ્નો ટવિસ્ટ કરીને પુછાયા હતા. જયારે ચાર્ટ આધારિત પ્રશ્નો વિદ્યાર્થીઓની તૈયારી ચકાસી લે તેવા હતા. જીવવિજ્ઞાનની કસોટીના અંતે હવે બી ગૃપના વિદ્યાર્થીઓ મેડિકલમાં પ્રવેશ માટે નીટની મહત્વની પરીક્ષાની તયારીમાં લાગી જશે.

# ધોરણ-૧૦માં ગણિતના અઘરા પેપર બાદ અંગ્રેજીનું પેપર સહેલુ

ગાંધીનગર તા ૨૨

ધોરણ -૧૦ માં ગણિત વિષયની આકરી કસોટીએ વિદ્યાર્થીઓને રડાવ્યા બાદ આજે અંગ્રેજીની સરળ કસોટીથી પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. મારો પ્રિય મિત્ર અને મારા સપનાનો રોબોટ વિષય અંગે નિબંધ લખવાની પણ વિદ્યાર્થીઓને મજા પડી હતી. પ્રશ્નપત્રહ બોર્ડના પરિરૂપ મુજબનુ હતુ. જયારે વ્યાકરણના પ્રશ્નો પણ સરળ રહયા હતા.

**પ્રશ્નપત્ર સરળ અને પુસ્તક આધારિત : લેટરના બદલે ઇ મેલ રાઇટીંગનો પ્રશ્ન પુછાયો : નવા પુસ્તક મુજબ નવુ પરિરૂપ ધરાવતુ પ્રશ્નપત્ર : મારો મિત્ર, મારા સ્વપ્નાનો રોબોટ જેવા વિષય અંગે નિબંધ પુછાયો : ૫૨૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા**

ધોરણ -૧૦ માં ગણિત વિષયની અઘરી કસોટીના અંતે વિદ્યાર્થીઓ આજે અંગ્રેજીની પરીક્ષા પુર્વે પણ ભય અનુભવતા હતા પરંતુ અંગ્રેજીનુ પેપર સરળ પુરવાર થતા વિદ્યાર્થીઓ હરખાયા હતા. સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિષય નિષ્ણાંત મોલિક શુકલએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ધોરણ -૧૦ માં અંગ્રેજીનુ પેપર પાઠયપુસ્તક આધારિત અને સરળ હતુ. વિદ્યાર્થીઓ આસાનીથી ૭૫ ગુણ મેળવી શકે તેવુ ઈઝી પુરવાર થયુ છે. મારા ગામ શહેરને સુવિધા સંપન્ન બનાવવુ , મારા સપનાનો રોબોટ અને મારો પ્રિય મિત્ર વિષય અંગે નિબંધો પુછાયા હતા. જયારે મિત્રને સ્વાસ્થયનુ મહત્વ ,શારિરીક સજ્જતા તેમજ સાદો પોષ્ટિક આહાર સારૂ ઈમેલ લખો તે અંગે પણ પ્રશ્ન પુછાયો હતો. પાર્ટ એ અને બી બન્નેમાં સરળ પ્રશ્નો પુછાયા હતા. આ અંગે વિષય નિષ્ણાંત અરવિંદ વાઘરોડીયાએ જણાંવ્યુ હતુ કે ધોરણ -૧૦માં અંગ્રેજી વિષયનુ પુસ્તક બદલાયુ હોવાથી પ્રશ્નપત્રનુ પરિરૂપ પણ બદલાયુ છે. જયારે નવા પરિરૂપ મુજબ આ પ્રથમ પ્રશ્નપત્ર કરી શકાય જયારે લેટર રાઈટીંગના બદલે હવે ઈમેલ રાઈટીંગનો પ્રશ્ન પુછાયો છે. જયારે પાર્ટ એ માં અમુક પ્રશ્નોની સુચનાઓ જ છાપવાની રહી ગ ગઈ હોવાનુ પણ તેમણે જણાંવ્યુ તેમણે જણાંવ્યુ છે. જો કે એકંદરે પ્રશ્નપત્ર સરળ પુરવાર થયુ હતુ જેથી વિદ્યાર્થીઓમાં પણ આનંદની લાગણી વ્યાપી હતી. જિલ્લામાંથી ૨૬૧૩૧ વિદ્યાર્થીઓએ અંગ્રેજીની પરીક્ષા આપી હતી જયારે ૫૨૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા.



ત્રીજી નજર - ગાંધીનગર શહેરમાં ૪૦૦થી વધુ સીસીટીવી કેમેરા લગાવાયા છે... આજકાલ તમામ કેમેરાની મરામત ચાલી રહી છે... આવનારા દિવસોમાં શહેરમાં થતી અવરજવર પર પોલીસની ત્રીજી આંખ સતત લાગેલી રહેશે...

# સુપ્રિમ કોર્ટના ચુકાદા સુધી સંચાલકો ફી વસુલી શકશે

**ફી મામલે સુપ્રિમમાં એપ્રિલના મહિનામાં સુનાવણી**

અમદાવાદ,તા. ૨૨

ગુજરાતમાં ખાનગી સ્કુલો દ્વારા લેવામાં આવતી ફીને લઈને વિવાદનો ઉકેલ હજુ આવ્યો નથી ત્યારે ગુજરાતના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ એવી વાત કરીને ચર્ચા જગાવી છે કે જ્યાં સુધી સુપ્રિમ કોર્ટમાં ફીના મામલામાં કોઈ ચુકાદો ન આવે ત્યાં સુધી સ્કુલ ફી લઈ શકશે અને વાલીઓને સ્કુલ દ્વારા નક્કી કરવામાં આવતી ફી ચુકવવી પડશે. ચુડાસમાની આ બાબતને લઈને કોંગ્રેસ પાર્ટી તરફથી જોરદાર નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. કોંગ્રેસે કહ્યું છે કે સંચાલકોને ફીને લઈને લૂંટ ચલાવવાની તક આપી દેવામાં આવી છે.

બીજી બાજુ આ મામલામાં સુપ્રિમ કોર્ટમાં ત્રીજી અને ચોથી એપ્રિલના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. જેના સંદર્ભમાં તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ચુડાસમાના કહેવા મુજબ ૮૬૦ થી વધુ દરખાસ્તો ફી મુદ્દો આવી ચુકી છે. થોડાક સમય પહેલા ગુજરાત હાઈકોર્ટે ફી રેગ્યુલેટ કરવા રાજ્ય સરકાર દ્વારા ઘડી કાઢવામાં આવેલા કાયદાને માન્ય ગણીને મોટો ચુકાદો આપ્યો હતો. આ સંદર્ભમાં કાયદાને પડકરા ફેંકીને ખાનગી સ્કુલો દ્વારા દાખલ કરવામાં આવેલી ડઝન જેટલી અરજીઓને ફગાવી દેવામાં આવી હતી.

કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ કહ્યું છે કે સરકાર શિક્ષણનું વેપારીકરણ કરી રહી છે. સરકારની નીતિઓથી વિદ્યાર્થીઓ ભ્રમિત થઈ રહ્યા છે.

# સ્વસ્થ સમાજના નિર્માણ માટે આરોગ્ય સેવાઓને સઘન બનાવીએ : રામાજી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાના સઘનીકરણ માટે ચૂંટાયેલા પદાધિકારીઓ સેતુનું કામ કરે તેવી અપીલ આજે જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે ડીસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની વાર્ષિક બેઠકમાં કરી હતી.

જિલ્લામાં સ્ત્રી જન્મદરના ઘટતા જતા પ્રમાણ અંગે તેમણે ચિંતાની લાગણી વ્યક્ત કરી હાથ ધરવામાં આવેલા તંત્રના પ્રયાસોમાં સૌનો સહયોગ માગ્યો હતો

તેમણે જણાવ્યુ હતુ કે કુપોષણ મુક્તિ માટેના અભિયાનની સાથે સાથે સેક્સ રેસિયો વધે તે માટે સૌ સકારાત્મક રીતે સાથે મળી આગળ વધીએ તે સમયની માંગ છે.

તેમણે હેલ્થ મિશન દ્વારા અમલી વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કરી અને અમલીકરણમાં સઘનતા લાવવા પર ભાર મુક્યો હતો. જિલ્લામાં જનની સુરક્ષા યોજના, કસ્તુરબા ઘોષણા સહાય યોજના, ચિરંજીવી યોજના, બાલ સખા યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમના અસરકારક





અમલીકરણની સાથે સ્વસ્થ સમાજ સ્વસ્થ જિલ્લો બનાવવાની નેમ પણ વ્યક્ત કરી હતી.

રામાજી ઠાકોરે માતા મરણ અને બાળ મરણ ઘટે તે માટે જનજાગૃતિ અભિયાનમાં પણ સહિયારો પુરૂષાર્થ જરૂરી હોવાનું જણાવ્યુ હતુ.

આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ સૌ ચૂંટાયેલા સભ્યોનું સ્વાગત કર્યુ હતુ. આ બેઠકમાં દરેક પ્રોગ્રામનું પ્રેઝન્ટેશન પણ રજુ કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પંચાયતના પદાધિકારીઓ તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

BENELAVE™

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
GSPL Bhavan, Plot No. E-18 ,GIDC Electronics Estate, Sector 26 , Gandhinagar, Gujarat.
Website: www.gspcgroup.com

NOTICE FOR EMPANELMENT OF CIVIL CONTRACTORS

Gujarat State Petronet Limited (GSPL) invites Agencies for Pre Qualification of Civil Contractors (Empanelment) for Civil works across GSPL establishment through e-procurement.

Interested parties may view/download the Pre Qualification (PQ) Documents from https://gspl.nprocure.com

Details can also be viewed on GSPL Website (www.gujpetronet.com)

| Details | Date & Time |
| --- | --- |
| Viewing / downloading of PQ documents on (n)procure portal / GSPL website | 23/03/2018, 15:00 hrs |
| PQ conference @ GSPL Bhavan, Sector-26, Gandhinagar | 03/04/2018, 15:00 hrs |
| Last Date to Submit credentials on (n)procure portal | 13/04/2018, 17:30 hrs |

All future announcement related to this invitation shall be published on (n)procure Portal only. GSPL reserves the right to cancel and/or alter PQ process at any stage without assigning any reason. GSPL also reserves the right to reject any or all of the PQ credentials received at its discretion, without assigning any reasons whatsoever.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com